Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-2, September-2023
www.researchguru.net

# અપરિણીત સ્ત્રીઓના કેટલાક પાસાંઓનો અભ્યાસ

## (ખેડા તાલુકાના સંદર્ભમાં)

**ફરજાના રૈયોલીવાળા**[1]
રિસર્ચ સ્કોલર, સમાજશાસ્ત્ર, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

**ડૉ. મનીષા ડામોર**[2]
અસોસિએટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

***સારાંશ***
*અત્યારે દરેક ક્ષેત્ર–જ્ઞાન, બુધ્ધિ, સાહસ અને વહીવટ – બધામાં સ્ત્રી અગ્રેસર થવા લાગી છે. વ્યવસાયના પણ દરેક ક્ષેત્ર હાંસિલ કરી લીધા છે, પુરૂષ સમોવડી નહિં પણ આગળ નીકળી ગઈ છે ત્યારે લગ્નને પણ–પુરૂષના સાથને પણ તેણે ત્યાગી દીધો છે. અને દરેક પાસામાં તે પોતાના પગ પર ઉભી રહેતી થઈ છે. સાથે સમાજના વલણમાં પણ પરિવર્તન આવતું ગયું. અને સ્ત્રી વૈચારિક શકિત ધરાવતી થઈ છે, તેણીનું કાર્યક્ષેત્ર ઘરનાં સીમાડા ઓળંગીને સમાજનાં દરેક ક્ષેત્ર અનેપાસાંને આંબી ગયું છે ત્યારે "સ્ત્રીઓના સમાજશાસ્ત્ર" ની ધારામાં અભ્યાસનું આ એક બિંદુ ઉમેરવા પ્રયત્ન કર્યો છે. જયારે કે આ બાબતે હજુ ખૂબ ઓછું ખેડાણ થયું છે. સંશોધક પોતે મુસ્લિમ ધર્મના હોઈ અને અપરિણીત મહિલા મિત્રો, વ્યવસાયી અને એકલી રહેતી સ્ત્રી મિત્રોના સંગમાં હોવાથી અન્ય સખીઓ જેવી સ્ત્રીઓનાં મનોવલણો, જીવનનાં પાસાંઓ અને સમસ્યાઓ જાણવાનું મન થયેલ તથા સમાજનો તેના તરફનો વર્તાવ અને સહકાર તપાસવાની ઈચ્છા થઈ. તેથી સમાજશાસ્ત્રીય સંશોધનમાં દિલથી વાતો, વલણો, અનુભવો, રસ–રૂચિ, ગમા–અણગમા, અપેક્ષાઓની ખુલ્લા મનથી ચર્ચા કરવા પ્રસ્તુત શોધપત્ર તૈયાર કરવામાં આવ્યું છે.*

***ચાવીરૂપ શબ્દોઃ*** *મહિલા, સ્ત્રી, મહિલા સશક્તિકરણ, ડૉ. બાબાસાહેબ આંબેડકર*

## ૧. પ્રસ્તાવના

"ડોશી કુંવારી ન મરે" પરાપૂર્વથી ચાલી આવતી આ માન્યતામાં આધુનિક યુગમાં પરિવર્તન આવેલ છે. આજે પ્રગતિ અને પરિવર્તન ઝડપી બન્યાં છે. તેની અસર સ્ત્રીઓનાં વલણો પર પ્રતિબિંબિત થઈ રહી છે. શિક્ષણ, સ્વતંત્ર વ્યકિતત્વ વિશેની સભાનતા, સ્વાવલંબીપણું, આત્મનર્ભરિતા, વગેરે ગુણોનો સામાજિક સ્વીકાર થવાથી સ્ત્રીઓના દ્રષ્ટિકોણ અને અભિગમોમાં પરિવર્તન આવ્યું છે, પોતાના ભવિષ્યનો તે પોતે વિચાર કરી શકે છે. અને પોતાને શું ખપે છે તે બાબતે તે ચોકકસ બની છે. પોતાની સ્વ–ઓળખ તે સમાજને કરાવી શકે છે. આથી જ દરેક સ્ત્રીએ લગ્ન કરવાં જ જોઈએ તેવી અનિવાર્યતા હવે જણાતી નથી. માતા–પિતા અને વડીલોનું વર્ચસ્વ, જ્ઞાતિનું પ્રાધાન્ય, દહેજરૂપી રાક્ષસનું અસ્તિત્વ, પુરૂષપ્રધાન સમાજરચના અને તેને પરિણામે જોખમાતું સ્ત્રીનું અસ્તિત્વ, આ બધા પરિબળોમાં ઘણો સુધારો થયેલો જોવા મળે છે. આજે કેટલીક સ્ત્રીઓ ચીલો ચાતરીને ઉપરની કહેવતને ખોટી પાડી રહી છે. અને મને–કમને પણ મા–બાપ અને સમાજ દ્વારા તેનો સ્વીકાર થતો જાય છે. તો આ બદલાતા દ્રષ્ટિકોણ પાછળ

કયા પરિબળો શા માટે અને શું કામ કરે છે તે તપાસવા આ સંશોધન હાથ ધરાયું.

## 2. સંબધિત સાહિત્ય સમિક્ષા

વિલિયમ્સે ઈ.સ.1956માં કોલંબિયા યુનિવર્સિટી માંથી એકલી સ્ત્રીઓના જીવન સંબંધી અભ્યાસ કર્યો છે. જેમાં સંશોધકે છુટાછેડા લીધેલી એકલી સ્ત્રીઓને નિદર્શ તરીકે પસંદ કરીને તેઓનું શિક્ષણ, દામ્પત્યજીવન પાત્રથી અલગ થવાના કારણો અને ત્યાર પછીની નવી જીંદગી અને તેનાં લાભાલાભ જેવા સમગ્ર અભ્યાસમાં આવરી લીધેલ છે. અને અભ્યાસના અંતે ચોકકસ તારણો દર્શાવ્યા છે.

ત્યારબાદ સ્ટેઈન પીટરે ઈ.સ. ૧૯૫૮ માં કોલંબિયા યુનિવર્સિટી માંથી એકલી સ્ત્રીઓના જીવન સંબંધી અભ્યાસ કર્યો છે. જેમાં સંશોધકે અમેરિકામાં રહેતી એકલી મહિલાઓને (Single Women House Hold) પરિચય, તેમની પ્રવૃત્તિઓ, પ્રશ્નો અને ઉત્તરદાતાની દ્રષ્ટિએ એકલા રહેવાના લાભ અને ગેરલાભ જેવાં વિવિધ પાસાંઓને સાંકળીને અભ્યાસના અંતે તારણો દર્શાવ્યા છે.

ભારતીય સમાજશાસ્ત્રના મુખ્ય પ્રવાહો નામના પુસ્તકમાં ગિરીરાજ ગુપ્તાનો સામાજિક દૂષણો અને સામાજિક અન્યાય તેમજ હિંદુ સ્ત્રી ચળવળના ઐતિહાસિક ઉદ્ભવની ચર્ચા કરતાં ભારતમાં "શહેરી સ્ત્રીઓ" ઉપરના જે અભ્યાસો થયા છે તે સંકલિત કર્યા છે. તે બધા આ ક્ષેત્રના અભ્યાસમાં સહાયક બને છે. અખિલ ભારતીય મહિલા પરિષદનો "સ્ત્રી કેળવણી" (૧૯૨૭ થી ૧૯૪૭) નો અહેવાલ અભ્યાસ માટે સહાયક બને છે. "સામાજિક પ્રશ્નો અને સ્ત્રીઓનું કલ્યાણ" આ વિષય પરત્વે જયોત્સના ત્રિભુવનનો (૧૯૫૬) જે. પી. ગુપ્તાનો (૧૯૫૯) અને કુંતલ અગ્રવાલનો (૧૯૬૭) ના અભ્યાસો ઉલ્લેખનીય છે. શિક્ષિત કામ કરતી સ્ત્રીઓ અંગે ત્રિપાઠીનો (૧૯૫૭) અને કપૂરના (૧૯૬૦) અભ્યાસો આ માટે સહાયક બને છે.

ભારતમાં એ.એચ.સિંઘે ઈ.સ. ૧૯૭૫ માં એકલી સ્ત્રીઓના જીવન સંબંધી એક અભ્યાસ કર્યો છે. તેમાં સંશોધકે છુટાછેડા લીધેલ સ્ત્રીઓને નિદર્શ તરીકે પસંદ કરેલ છે. "છુટાછેડા પછી શું ?" આ પ્રકારના અભ્યાસમાં દામ્પત્ય જીવન તૂટવાના કારણો, સ્ત્રીને કાયદાઓ દ્વારા મળતું રક્ષણ, ભારતનું સામાજિક ચિત્ર અને નિદર્શના મનોમંથનને સમગ્ર અભ્યાસમાં આવરી લીધેલ છે. અને અભ્યાસના અંતે સમસ્યાના

નિવારણ માટેના ઉપાયો પણ સૂચવ્યા છે.

ઈ.સ. ૧૯૮૭ માં એન.એસ. કૃષ્ણાકુમારીએ એકલી સ્ત્રીઓ અંગે રસપ્રદ અભ્યાસ કર્યો છે. આ અભ્યાસનું ક્ષેત્ર બેંગ્લોર શહેર હતું. આ અભ્યાસમાં સંશોધકે અપરિણીત, ત્યકતા, છુટાછેડા લીધેલ અને વિધવા એકલી સ્ત્રીઓને અભ્યાસમાં આવરી લીધેલ છે. સંશોધનમાં ૮૫ અપરિણીત સ્ત્રીઓ, ૧૨૪ વિધવા સ્ત્રીઓ અને ૧૨૪ ત્યકતા અને છૂટાછેડા લીધેલ એમ કુલ 333 એકમો પસંદ કરેલ છે. પ્રશ્નાવલી પ્રયુકિત દ્વારા હાથ ધરવામાં આવેલાં આ અભ્યાસનું પરિણામ જાણવા માટે આંકડાકીય પ્રયુકિતનો ઉપયોગ કરીને ટકાવારી દર્શાવી છે.

**3. સંશોધનના હેતુઓ**

ખેડા તાલુકાને કેન્દ્ર સ્થાને રાખી તેમાં વસતી અપરિણીત સ્ત્રીઓના કેટલાક પાસાંઓનો અભ્યાસને લગતા હેતુઓ આ પ્રમાણે છે.

1. ખેડા તાલુકાની અપરિણીત સ્ત્રીઓની ધર્મના આધારે તુલના કરવી.
2. ખેડા તાલુકાને અપરિણીત સ્ત્રીઓની શૈક્ષણિક સ્તર તપાસવું.

**4. ઉત્કલ્પનાઓ**

ખેડા તાલુકામાં વસતી અપરિણીત સ્ત્રીઓના કેટલાક પાસાંઓના અભ્યાસને લગતી પૂર્વધારણાઓ આ પ્રમાણે છે.

1. ખેડા તાલુકાની અપરિણીત સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓમાં ધર્મના સંદર્ભમાં મેળવેલ પ્રપ્તાંકોમાં સરસરી તફાવત નહી હોય.
2. ખેડા તાલુકાની અપરિણીત સ્ત્રીઓની શૈક્ષણિક સમસ્યાઓમાં ધર્મના સંદર્ભમાં મેળવેલ પ્રપ્તાંકોમાં સરસરી તફાવત નહી હોય.

**5. સંશોધન પદ્ધતિ**


પ્રસ્તુત અભ્યાસમાં બિન સંભાવનાત્મક નિદર્શનમાં હેતુપૂર્વક અને ઉપલબ્ધ નિદર્શન પ્રયુક્તિનો ઉપયોગ કરીને ખેડા તાલુકામાંથી 100 અપરિણીત સ્ત્રીઓને પસંદ કરવામાં આવેલ છે અને તેના દ્વારા મેળવેલ પ્રાથમિક અને ગૌણ માહિતીનો સંશોધનના હેતુ અનુસાર ઉપયોગ કરી પ્રસ્તુત સંશોધન કાર્ય કરવામાં આવ્યું છે.

**6. શિક્ષણ અંગેનું વિવરણ**

શિક્ષણએ સામાજિક પરિવર્તનનું અગત્યનું માધ્યમ છે. શિક્ષણ એ સમાજ સુધારણા માટેનું મુખ્ય સાધન છે. શિક્ષણ દ્વારા લોકોમાં યોગ્ય-અયોગ્ય, સારા-નરસા, હિત-અહિતનો વિચાર

કરીને તે સમજી શકે છે. એટલા માટે જ શિક્ષણનું સ્તર તપાસવું જરૂરી બને છે. આમ, ખેડા તાલુકામાંથી પ્રાપ્ત જવાબો પરથી ઉત્તરદાતાઓનું શિક્ષણ દર્શાવતો ગ્રાફ નીચે મુજબ છે.

**શિક્ષણનું પ્રમાણ દર્શાવતો ગ્રાફ**





ઉપરોક્ત ગ્રાફ પરથી ફલિત થાય છે કે ખેડા તાલુકામાં અપરિણીત સ્ત્રીઓમાં સૌથી વધુ 39 બહેનો ઉચ્ચત્તર માધ્યમિક સુધી શિક્ષણ લીધેલ જોવા મળે છે, જ્યારે 24 સ્નાતક, અનુસ્નાતક 12, વ્યવસાયિક 11, માધ્યમિક શિક્ષણ 9, પ્રાથમિક શિક્ષણ 4 અને અશિક્ષિત ઉત્તરદાતાઓની સંખ્યા 1 છે.

**7. ધર્મ અંગેનું વિવરણ**

ધર્મ એ પરંપરાના અનુયાયીઓનો સમૂહ છે. એવું માનવામાં આવે છે કે ધર્મ માણસને માનવ બનાવે છે. જેમાં વિભિન્ન ધર્મોમાં મહિલાઓ સ્થિતિ જુદી-જુદી જોવા મળે છે. અહી ખેડા તાલુકામાંથી પ્રાપ્ત જવાબો પરથી ઉત્તરદાતાઓનું ધર્મ દર્શાવતો ગ્રાફ નીચે મુજબ છે.

**ધર્મનું વર્ગીકરણ દર્શાવતો ગ્રાફ**




ઉપરોક્ત ગ્રાફ પરથી ફલિત થાય છે કે ખેડા જિલ્લામાં અપરિણીત સ્ત્રીઓમાં હિન્દુ ધર્મ પાળતી બહેનોની 64 જોવા મળે

છે, જ્યારે મુસ્લીમ 23, ખ્રિસ્તી 8 અને અન્ય ધર્મોથી સંખ્યા 5 છે.

**8. તારણો**

ખેડા તાલુકામાંથી પસંદ કરેલ 100 અપરિણીત સ્ત્રીઓ દ્વારા પ્રાપ્ત જવાબો પરથી મળતા તારણો નીચે મુજબ છે.

- ખેડા તાલુકામાં અપરિણીત મહિલાઓ ઉચ્ચતર માધ્યમિક તથા સ્નાતક સુધીનો અભ્યાસ કરેલી જોવા મળે છે.
- ખેડા તાલુકામાં હિન્દુ ધર્મમાં વધુ અપરિણીત મહિલાઓ જોવા મળે છે, તેનું કારણ તેઓ લગ્નને લઈને હિંદુ ધર્મમાં મળતી સ્વતંત્રતાને ગણાવે છે.